ANUBHAVS



# તમે મને ઘોર સંકટમાંથી ઉગારી

© Copyright 2010, Manasamarthyadata.com



***- સુનિતા ચેરમ***

મારા  મા-બાપ બાપુરાયા પોતાના ભક્તો માટે ડગલે અને પગલે ઉભા રહીને તેમનું રક્ષણ કરતા રહે છે.આ વાતનો મને  ઘણીવાર અનુભવ થયો છે. વર્ષ 2006માં મને થયેલાં અનુભવની આ વાત છે.

મે મહિનામાં હું મારા ગામ વેંગુર્લા ગઈ હતી. અહીં મારા માતા-પિતાનું ઘણુ મોટુ ઘર છે. પરંતુ મારો કોઇ ભાઇ નહોતો તેથી આ ઘર બંધ જ રહેતુ હતું. મારી નાની બહેન અને બનેવી સપ્ટેંબર મહિનામાં મૃત્યુ પામ્યા હતાં. તેથી ઘણાં દિવસોથી આ ઘર ખોલ્યું જ નહોતું. અમારી આંબાંના ઝાડવાળી જમીનનો કોર્ટમાં કેસ ચાલતો હતો. કેસની તારીખ હોય ત્યારે હું એકલી ગામમાં આવતી હતી. આ સમયે હું રહું એટલા સમય પૂરતું જ ઘર ખુલ્લુ રહેતું હતું. આ વખતે પણ હું આવી જ રીતે ગામ આવી હતી.

તે દિવસે કોર્ટનું કામ પતાવીને હું સાંજે લગભગ પાંચ-સાડા પાંચ વાગ્યે ઘરે આવી હતી. ઘરે આવતા સમયે મારી નજર મીટર બોક્સ પર પડી હતી.  મને કંઇ હલચલ થઈ હોય તેવું લાગ્યું હતું, હું નજીક જઈને જોઉ તે પહેલાં જ કોઇ પ્રાણી સરકીને અદ્રશ્ય થઈ ગયું હતું. મને માત્ર  તેની પૂંછડી જ દેખાઈ હતી. હું ખૂબ જ ગભરાઈ ગઈ હતી. મારી ઘરમા જવાની હિંમત થઈ નહોતી. પરંતુ ઘરમાં જવુ પડે તેમ જ હતું. હવે હું શું કરીશ? હું મનઃપૂર્વક બાપુજીનું સ્મરણ કરતી હતી. ખરેખર આપણું રક્ષણ કરનાર બાપુજી સિવાય અન્ય બીજું કોઇ જ નથી.

બાપુજીનાં નામસ્મરણ સાથે ઘરમાં આવી હતી. ઘરમાં બધી લાઇટસ ચાલુ કરી દીધી હતી. સમગ્ર ઘરમાં ઉદી ભભરાવી હતી અને આ સાથે મંત્રજપ પણ ચાલુ જ હતાં. હું મનોમન બાપુજીને પ્રાર્થના કરતી હતી કે,'બાપુ, પ્લીઝ, હું જ્યાં સુધી અહીં છું, ત્યાં સુધી મને કંઇ દેખાવા દેશો નહિ, અને તેને બહાર કાઢી દો.' બંધ ઘર હોવાથી તેની ઘણી સાફસફાઈ પણ કરવી પડતી હતી. બાપુજીનાં નામસ્મરણ સાથે મેં સમગ્ર ઘરની સાફસફાઈ કરી હતી. ત્યારબાદ હું ચાર દિવસ સુધી અહીં ઘરમાં રહી હતી. મારુ રક્ષણ કરવા માટે મારા બાપુજી મારી સાથે જ રહેતા હતાં. આ સમય દરમ્યાન મને ઘરમાં કંઇ હલચલ કરતુ દેખાયુ નહોતું.  મેં આ વિષે ગામમાં પણ કોઇને વાત કરી નહોતી કારણ કે ગામના લોકો આવી વાતમાં ખોટુ સ્વરુપ ધારણ કરતા હતાં.

અમારી પડોશમાં રહેતા લોકો કહેતા હતાં કે, 'તારા ઘરમાં પ્રગટાવેલાં દીવા દેખાય છે, ઘરમાં કંઇક પડવાનો અવાજ આવે છે.' તેથી મારા ઘરની આજુબાજુમાં કોઇ આવતુ જતું પણ નહોતું. તેમની આવી વાતો સાંભળીને  સમગ્ર ભાર હું બાપુજીને સોંપીને ચૂપચાપ બેસી રહેતી હતી. મારે કામ માટે અહીં ઘણીવાર આવવું પડતુ હતું અને હવે તો મારી બહેન  રહી નહોતી, તેથી મારી મજબૂરી જ હતી.

આવી રીતે ચારેક દિવસો પસાર થઈ ગયાં હતાં. મુંબઈ નીકળતા પહેલાં અચાનક ચાર માણસ મને મળવા માટે આવ્યા હતાં. અને તેમણે મને પૂછ્યું કે 'તમે ચાર મહીના માટે આ ઘર ભાડે આપશો?' મેં તેમને હા પાડી અને ચાર મહીના માટેનાં ભાડાના કરારનામા કરીને ભાડે ઘર આપીને હું મુંબઈ આવી હતી.

પંદર દિવસ પછી કોર્ટની તારીખ હોવાથી હું પુનઃ ગામ ગઈ હતી. આ સમયે આ ચાર વ્યક્તિઓએ મને કહ્યું કે, 'માસી, તમારા ગયા પછી ચાર દિવસ પછી અમે અહીં એક સાપને માર્યો હતો. અમે બપોરના સમયે આરામ કરતા હતાં, એટલામાં તમારા માતા-પિતાના ફોટા પર એક સાપ ફરતો જોયો હતો. અમે બીજા અન્ય માણસોને બોલાવીને તેને મારી નાખ્યો હતો.' તેમની વાત સાંભળીને હું શૂન મૂન થઈ ગઈ હતી. અર્થાત તે દિવસે ઘરમા સાપ હતો. પરંતુ મારી પ્રાર્થના સાંભળીને મારા બાપુજીએ તેને મારી સામે આવવા દીધો નહોતો. ધન્ય છે બાપુમાઉલી !!!

**કિતી આધી-વ્યાધી તૂ કેલ્યાસ શાંત**
**રક્ષિલેસ ના મલા તૂ અહોરાત્ર**
**વિસરલાસ ના મલા તૂ અહોરાત્ર**
**સ્મૃર્તગામી બાપુ, દત્તગુરુ ઓળખલો**
**અનિરુદ્ધા, તુઝા મી કિતી ઋણી ઝાલો...**

ANUBHAVS

# HARI OM

© Copyright 2010, Manasamarthyadata.com

manasamarthyadata.com